| | |
|---|---|
| O. S. | |
| D. D. | |
| J. D. | |
| DIRECTOR | |

નાગરિક સંરક્ષણ દળના સ્વયંસેવકોને ચૂકવવામાં આવતા ભથ્થાના દર વધારવા બાબત.

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃનગસ/૧૦૨૦૧૯/૭૫૪/ફ**

સચિવાલય, ગાંધીનગર

તારીખઃ-૧૪/૦૭/૨૦૨૦

**વંચાણે લીધાઃ-**

(૧) નિયામકશ્રી,નાગરિક સંરક્ષણ કચેરી,હોમગાર્ડઝ ભવન, અમદાવાદનો તા.૦૯/૦૫/૨૦૧૯ નો પત્ર ક્રમાંકઃસીડીઓ /ખાસ/૪૮૪/૨૦૧૯.

(૨) ભારત સરકાર, ગૃહ મંત્રાલય, ન્યુ દિલ્હીનો તા.૨૮/૧૦/૧૯૯૬નો પત્ર નં.II-29012/41/96- DGCD(CD).

**ઠરાવઃ-**

નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ કચેરી, હોમગાર્ડઝ ભવન, અમદાવાદ દ્વારા નાગરિક સંરક્ષણ દળના સ્વયંસેવકોને ચૂકવવામાં આવતા ભથ્થાના દર વધારવા અંગેની ક્રમાંક (૧) થી મળેલ દરખાસ્ત વિચારણા હેઠળ હતી.

નાગરિક સંરક્ષણ દળના સ્વયંસેવકોને તેમની ફરજોના ભાગરૂપે બજાવેલ સેવા માટે કાળજીપુર્વકની વિચારણાના અંતે નીચે જણાવેલ વિગતે આથી, વધારો કરવામાં આવે છે.

| ક્રમ | ભથ્થાની વિગત | પ્રવર્તમાન દર | સુધારેલ દર |
|---|---|---|---|
| ૧ | દૈનિક ફરજ ભથ્થુ | રૂ.૩૧/- | રૂ.૧૫૦/- |
| ૨ | મેસિંગ ભથ્થુ | રૂ.૧૬/- | રૂ.૫૦/- |

૨. ભારત સરકારના તા.૨૮/૧૦/૧૯૯૬ના પત્ર નં.II-29012/41/96-DGCD(CD) માંદર્શાવેલ વિગતે અન્ય ભથ્થાઓ યથાવત રહેશે.

૩. આ અંગેનો ખર્ચ માંગણી નં-૪૬, મુખ્ય સદર ૨૦૭૦-અન્ય વહીવટી સેવાઓ -૧૦૬, નાગરિક સંરક્ષણ - ૦૧ સદર હેઠળ ઉધારવવાનું રહેશે.

Director of Civil Defence,
Gujarat State Ahmedabad.
Inward No. ....૯૫૨.......
Date: ........૨૦/૭/૨૦૨૦

C:\Users\Acer\Desktop\NGS-102019-754-F-MAANAD VETAN VADHARO.docx

૪. આ અંતર્ગત થનાર ખર્ચની ૨૫% રકમ કેન્દ્ર સરકાર પાસેથી સમયસર મેળવી લેવા માટે નિયામક, નાગરિક સંરક્ષણ તંત્રએ તકેદારી રાખવાની રહેશે.

૫. આ ઠરાવનો અમલ ઠરાવ પ્રસિદ્ધ કર્યાની તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૩૦/૦૬/૨૦૨૦ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આશિષ વાળા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

(૧) માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

(૨) માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.

(૩) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૪) નિયામકશ્રી, નાગરિક સંરક્ષણ કચેરી, હોમગાર્ડઝ ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

(૫) નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.

(૬) જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેકટરશ્રી, અમદાવાદ/ ગાંધીનગર/વડોદરા/ભાવનગર /જામનગર/કચ્છ/સુરત/ભરૂચ.

(૭) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.

(૮) શાખા સિલેકટ ફાઇલ.

C:\Users\Acer\Desktop\NGS-102019-754-F-MAANAD VETAN VADHARO.docx